# - ૧૧ -

# નિશ્ચય-પરમાવશ્યક અધિકાર

હવે વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચયનો (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.

અહીં (આ ગાથામાં), નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે એમ કહ્યું છે.

નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;
આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.

**અન્વયાર્થઃ**—જે અન્યવશ નથી (અર્થાત્ જે જીવ અન્યને વશ નથી) તેને આવશ્યક કર્મ કહે છે (અર્થાત્ તે જીવને આવશ્યક કર્મ છે એમ પરમ યોગીશ્વરો કહે છે). કર્મનો વિનાશ કરનારો યોગ (—એવું જે આ આવશ્યક કર્મ) તે નિર્વાણનો માર્ગ છે એમ કહ્યું છે. ॥૧૪૧॥

અહીં, અવશ પરમજિનયોગીશ્વરને પરમ આવશ્યક કર્મ જરૂર છે એમ કહ્યું છે.

વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;
તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.

**અન્વયાર્થઃ**—જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે અને અવશનું કર્મ તે 'આવશ્યક' છે એમ જાણવું; તે (અશરીર થવાની) યુક્તિ છે, તે (અશરીર થવાનો) ઉપાય છે, તેનાથી જીવ નિરવયવ (અર્થાત્ અશરીર) થાય છે. આમ નિરુક્તિ છે. ॥૧૪૨॥

અહીં, ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને અવશપણું નથી એમ કહ્યું છે.

વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.

**અન્વયાર્થઃ—**જે અશુભ ભાવ સહિત વર્તે છે, તે શ્રમણ અન્યવશ છે; તેથી તેને આવશ્યકસ્વરૂપ કર્મ નથી. ॥૧૪૩॥

અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ કહ્યું છે.

સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.

**અન્વયાર્થઃ—**જે (જીવ) સંયત રહેતો થકો ખરેખર શુભ ભાવમાં ચરે—પ્રવર્તે છે, તે અન્યવશ છે; તેથી તેને આવશ્યકસ્વરૂપ કર્મ નથી. ॥૧૪૪॥

અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.

જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.

**અન્વયાર્થઃ—**જે દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (અર્થાત્ તેમના વિકલ્પોમાં) મન જોડે છે, તે પણ અન્યવશ છે; મોહાન્ધકાર રહિત શ્રમણો આમ કહે છે. ॥૧૪૫॥

અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.

પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,
છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.

**અન્વયાર્થઃ—**જે પરભાવને પરિત્યાગીને નિર્મળ સ્વભાવવાળા આત્માને ધ્યાવે છે, તે ખરેખર આત્મવશ છે અને તેને આવશ્યક કર્મ (જિનો) કહે છે. ॥૧૪૬॥

આ, શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેના સ્વરૂપનું કથન છે.

આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;
તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.

**અન્વયાર્થઃ**—જો તું આવશ્યકને ઈચ્છે છે તો તું આત્મસ્વભાવોમાં સ્થિરભાવ કરે છે; તેનાથી જીવને સામાયિકગુણ સંપૂર્ણ થાય છે. ॥૧૪૭॥

અહીં (આ ગાથામાં) શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ કહી છે.

આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;
તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.

**અન્વયાર્થઃ**—આવશ્યક રહિત શ્રમણ ચરણથી પ્રભ્રષ્ટ (અતિ ભ્રષ્ટ) છે; અને તેથી પૂર્વોક્ત ક્રમથી (પૂર્વે કહેલી વિધિથી) આવશ્યક કરવું. ॥૧૪૮॥

અહીં, આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે એમ કહ્યું છે.

આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;
આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.

**અન્વયાર્થઃ**—આવશ્યક સહિત શ્રમણ તે અંતરાત્મા છે; આવશ્યક રહિત શ્રમણ તે બહિરાત્મા છે. ॥૧૪૯॥

આ, બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.

જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;
જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.

**અન્વયાર્થ**:—જે અંતર્બાહ્ય જલ્પમાં વર્તે છે, તે બહિરાત્મા છે; જે જલ્પોમાં વર્તતો નથી, તે અંતરાત્મા કહેવાય છે. ાા૧૫૦ાા

અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.

વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;
ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.

**અન્વયાર્થ** :—જે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં પરિણત છે તે પણ અંતરાત્મા છે; ધ્યાનવિહીન શ્રમણ બહિરાત્મા છે એમ જાણ. ાા૧૫૧ાા

અહીં પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું સ્વરૂપ કહ્યું છે.

પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,
તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.

**અન્વયાર્થ** :—પ્રતિક્રમણાદિ ક્રિયાને—નિશ્ચયના ચારિત્રને—(નિરંતર) કરતો રહે છે તેથી તે શ્રમણ વીતરાગ ચારિત્રમાં આરૂઢ છે. ાા૧૫૨ાા

આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.

રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,
જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.

**અન્વયાર્થ** :—વચનમય પ્રતિક્રમણ, વચનમય પ્રત્યાખ્યાન, (વચનમય) નિયમ અને વચનમય આલોચના—એ બધું (પ્રશસ્ત અધ્યવસાયરૂપ) સ્વાધ્યાય જાણ. ાા૧૫૩ાા

અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે એમ કહ્યું છે.

કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!
કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.

**અન્વયાર્થ :—**જો કરી શકાય તો અહો! ધ્યાનમય પ્રતિક્રમણાદિ કર; જો તુ શક્તિવિહીન હોય તો ત્યાં સુધી શ્રદ્ધાન જ કર્તવ્ય છે. ॥૧૫૪॥

અહીં સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે.

પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,
મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.

**અન્વયાર્થ :—**જિનકથિત પરમ સૂત્રને વિષે પ્રતિક્રમણાદિકની સ્પષ્ટ પરીક્ષા કરીને મૌનવ્રત સહિત યોગીએ નિજ કાર્યને નિત્ય સાધવું. ॥૧૫૫॥

આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે (અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે તેનું કારણ અહીં કહ્યું છે).

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

**અન્વયાર્થ :—**નાના પ્રકારના જીવો છે, નાના પ્રકારનું કર્મ છે, નાના પ્રકારની લબ્ધિ છે; તેથી સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) વચનવિવાદ વર્જવાયોગ્ય છે. ॥૧૫૬॥

અહીં દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે.

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

**અન્વયાર્થ :**—જેમ કોઈ એક (દરિદ્ર માણસ) નિધિને પામીને પોતાના વતનમાં (ગુપ્તપણે) રહી તેના ફળને ભોગવે છે, તેમ જ્ઞાની પરજનોના સમૂહને છોડીને જ્ઞાનનિધિને ભોગવે છે. ।।૧૫૭।।

આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.

**સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

**અન્વયાર્થ :**—સર્વે પુરાણ પુરુષો એ રીતે આવશ્યક કરીને, અપ્રમત્તાદિ સ્થાનને પ્રાપ્ત કરી કેવળી થયા. ।।૧૫૮।।

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો નિશ્ચય-પરમાવશ્યક અધિકાર નામનો અગિયારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.